For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



નબીરાઓને પોલીસની કાર્યવાહી કે કાયદાનો કોઈ ડર શા માટે નથી?

# વેસુમાં મધરાતે 150ની સ્પીડે BMW-BE-6 વચ્ચે રેસ



ફંગોળાતી બંને કાર



તૂટી પડેલા પોલ



ભાગી રહેલો આરોપી



મહિન્દ્રા બીઇ 6



બીએમડબલ્યૂ

**બંને** નબીરાની કારને અકસ્માત, એક કારમાંથી દારુની બોટલ મળી

**બંને** કાર ફંગોળાઇ, ઝડપ એટલી હતી કે ત્રણ લાઇટ પોલ તૂટી ગયા

સુરતઃ નવા વર્ષની ઉજવણી વચ્ચે સુરતના પોશ વિસ્તાર વેસુ વીઆઈપી રોડ પર લક્ઝરી કારોની ખતરનાક રેસ લાગી હતી. 150 કિમીથી વધુની ઝડપે BMW અને મહિન્દ્રાની ઈલેક્ટ્રિક BE-6 કાર દોડાવતા બે નબીરાએ નિર્દોષ લોકોના જીવને જોખમમાં મૂક્યા હતાં. રેસિંગ દરમિયાન થયેલા ભયાનક અકસ્માતમાં ત્રણ કારનો કચ્ચરઘાણ નીકળી ગયો,

...અનુસંધાન પાના 9 પર

### અમેરિકાથી અભ્યાસ કરીને આવેલો ઝલક જ BMW કાર ચલાવી રહ્યો હતો

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, કારમાં એક વિદેશી વ્યક્તિ પણ સવાર હતો. આ વિદેશી વ્યક્તિ કોણ છે? તે અંગે પોલીસ હાલ તપાસ કરી રહી છે. મંથન પટેલ કાપડના વ્યવસાય સાથે સંકળાયેલો છે, જ્યારે હાલ ફરાર આરોપી ઝલક આહિર, આહિર કન્સ્ટ્રક્શ નામે વેપાર કરે છે. અકસ્માત સમયે ઝલક જ BMW કાર ચલાવી રહ્યો હતો અને તેની સાથે ઋષિ નામનો અન્ય એક યુવક પણ હાજર હતો, તેની પણ પોલીસે અટકાયત કરી લીધી હતી. ઋષિ જ્વેલરી ઉદ્યોગ સાથે સંકળાયેલો છે અને વિદેશમાં મોટો વેપાર ધરાવે છે. ઝલક આહિર અને ઋષિ અમેરિકા ભણીને આવ્યા છે. ઋષિ અમેરિકામાં જ્વેલરી કોર્ષ કરીને આવ્યો છે.

### BMW કારમાં એરબેગ ખૂલતાં ચાલકનો બચાવ

પ્રાથમિક તપાસ મુજબ, મહિન્દ્રા ઈલેક્ટ્રિક BE-6 અને BMW કાર 150 કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે દોડતી હતી. આ અંધાધૂંધ ઝડપે આવી રહેલી કારોએ સામાન્ય ગતિએ જઈ રહેલી સ્વિફ્ટ ડિઝાયરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે સ્વિફ્ટ કારનો આગળથી પાછળ સુધી કચ્ચરઘાણ નીકળી ગયો અને કાચના ટુકડા રસ્તા પર વેરાઈ ગયા હતા. BMW કારમાં એરબેગ ખુલતાં ચાલકનો બચાવ થયો.

### ડુમસમાં મિત્ર નિતની સંગીત સેરેમનીમાંથી પરત ફરતી વેળાની ઘટના

આ ઘટનામાં હાઈપ્રોફાઈલ અને ધનિક પરિવારના યુવાનોની સંડોવણી સામે આવી છે, જેઓ ડુમ્મસ ખાતે પોતાના મિત્ર નિતની સંગીત સેરેમનીમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. આગળ નિતની કાર હતી અને તેની પાછળ પૂરપાટ ઝડપે BMW અને મહિન્દ્રાની ઈલેક્ટ્રિક કાર આવી રહી હતી, જે દરમિયાન આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતા પહોંચેલી પોલીસને મહેન્દ્ર કારમાંથી 12 હજારની ગ્રુમ નામની વિદેશી વોડકા મળી આવતા જપ્ત કરી છે.

### અકસ્માત સમયે મહિલા દોઢ મહિનાના બાળકને સ્તનપાન કરાવી રહી હતી

આ અકસ્માતની સૌથી કરુણ ઘટના તો સ્વિફ્ટમાં સવાર મહિલા સાથે બની હતી. જ્યારે અકસ્માત થયો ત્યારે આ મહિલા કારની પાછળની સીટ પર બેસીને પોતાના માત્ર દોઢ મહિનાના બાળકને સ્તનપાન કરાવી રહી હતી. BMWની ટક્કર એટલી પ્રચંડ હતી કે મહિલા સીધી પાછળની સીટ પરથી આગળની સીટ પર આવી પડી હતી અને બાળક કાચ સાથે અથડાયું હતું, જેના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી છે.

### બંને લક્ઝરી કારચાલક રેસ લગાડી રહ્યા હતા કે કેમ? પોલીસ તપાસ કરી રહી છે

CCTV ફૂટેજ મુજબ, BMW અને મહિન્દ્રા ઈલેક્ટ્રિક કાર બંને ખૂબ જ ઊંચી ઝડપે દોડતી દેખાય છે, જ્યારે સ્વિફ્ટ ડિઝાયર સામાન્ય ગતિએ આગળ વધી રહી હતી. કારોની સ્પીડ કેટલી હતી અને બંને ચાલક રેસ લગાવી રહ્યા હતા કે કેમ? તે મુદ્દે પોલીસ વધુ તપાસ કરી રહી છે. બંને લક્ઝરી કારોના ચાલકો વરાછા વિસ્તારના રહેવાસી હોવાનું અને એકબીજાના પરિચિત હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

...અનુસંધાન પાના 9 પર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર. પાટીલ, હર્ષ સંઘવીની હાજરીમાં આજે થનારા

# પાટીદાર સન્માનના બેનરો આપના નેતાએ ફાડી નાંખ્યા

**આપના** નેતા રજની વાઘાણીએ સોશિયલ મીડિયામાં એવી ધમકી આપી કે કાર્યક્રમનો ખુલ્લો વિરોધ થશે

**ભૂતકાળમાં** અમિત શાહના કાર્યક્રમમાં થયેલી ધમાલ થઈ હોવાથી પોલીસ એલર્ટ

**અડધા** સુરતની પોલીસને મોટા વરાછા ખાતે ખડકી દેવામાં આવી




સુરતઃ સુરતમાં સમસ્ત લેઉવા પાટીદાર સમિતિ દ્વારા આવતીકાલે તા.3 જાન્યુઆરી 2026 ના રોજ આયોજીત કરાયેલા 'રાજસ્વી સન્માન સમારોહ' નામ હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી અને સી.આર. પાટીલ સહિત ભાજપના દિગ્ગજ નેતાઓની હાજરીમાં ભાજપના પાટીદાર મંત્રી જીતુ વાઘાણી અને પ્રફુલ પાનસેરીયા વિગેરેનું સન્માન કરવાના કરાયેલા આયોજન સામે આપના નેતાઓએ વિવિધ વિસ્તારોમાં લાગેલા કાર્યક્રમના બેનરો કટર વડે ફાડી નાખી ગમે તેટલી સુરક્ષા ગોઠવી લો વિરોધ કરાશે તેવી ચિમકી આપતા રાજકીય માહોલ ગરમ થઈ ગયો છે. ભૂતકાળમાં અમિત શાહના કાર્યક્રમમાં જ મોટા વરાછામાં જુતું ફેંકવાની સાથે ધમાલ થઈ હોવાથી આવતીકાલના કાર્યક્રમમાં રખેને કોઈ અનિચ્છનીય ઘટના બને તેવી સંભાવનાને ધ્યાને લઈને સુરતની અડધી પોલીસને મોટા વરાછામાં ખડકી દેવામાં આવી છે.

### ગોપાલ, હાર્દિક અને અલ્પેશ કથીરિયાનું કેમ સન્માન નહીં? વિરોધની રજની વાઘાણીની ધમકી

કાર્યક્રમ સામે વિરોધ કરતાં આપના નેતા રજની વાઘાણીએ કાર્યક્રમ બેનરમાંથી સરદાર વલ્લભભાઈ પટેલનો ફોટો અને 'લેઉવા પાટીદાર' લખેલું લખાણ અલગ કરી દીધું હતું. રજની વાઘાણીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ પાટીદાર સમાજના નામે રાજકીય રોટલા શેકી રહ્યું છે. લેઉવા-કડવાના નામે ફરી ભાગવા પાડવા પ્રયાસ થઇ રહ્યો છે, જો આ ખરેખર જ્ઞાતિનો કાર્યક્રમ હોય તો તેમાં ગોપાલ ઇટાલિયા, અલ્પેશ કથીરિયા કે હાર્દિક પટેલ જેવા નેતાઓને કેમ આમંત્રણ નથી અપાયું? તેમણે સોશિયલ મીડિયા પર ખુલ્લી ધમકી આપી છે કે સામી છાતીએ વિરોધ થશે, માટે આયોજકોએ ખુરશીઓ બાંધી રાખવી અને પ્રોટેક્શન વોલ તૈયાર રાખવી.

### ચૂંટણી નજીક આવતાં કેટલાક લુખ્ખા રાજકીય ઉંદરો પ્રસિધ્ધિ માટે મેદાન પડ્યા: પાટીદાર અગ્રણી

આપ દ્વારા કાર્યક્રમના બેનરો કાપી નાખવાની ઘટનાને પગલે પાટીદાર અગ્રણીઓ અને ભાજપ સમર્થકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાટીદાર અગ્રણી વિજય માંગુકિયાએ વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે કોર્પોરેશનની ચૂંટણીઓ નજીક આવતા જ કેટલાક 'રાજકીય ઉંદરો' અને લુખ્ખા તત્વો પ્રસિદ્ધિ મેળવવા માટે મેદાને પડ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરદાર પટેલ જેવી દિવ્ય ચેતનાનું નામ લેવાનો આવા તત્વોને કોઈ અધિકાર નથી અને બેનરો ફાડવા એ તેમની નાલાયકી દર્શાવે છે. માંગુકિયાએ વધુમાં ઉમેર્યું કે પાટીદાર અગ્રણીઓ હંમેશા સરકાર અને સિસ્ટમની સાથે રહીને સમાજની સમસ્યાઓ જેવી કે વ્યાજખોરી કે છેડતીના કિસ્સાઓમાં મદદરૂપ થાય છે, ત્યારે માત્ર રાજકીય લાભ ખાટવા માટે ઉશ્કેરણીજનક વીડિયો વાઇરલ કરનારાઓને સમાજ જ યોગ્ય જવાબ આપશે. સામસામે આક્ષેપબાજી અને સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોને કારણે સુરતનું રાજકારણ ગરમાયું છે, ત્યારે 3 જાન્યુઆરીના રોજ યોજાનાર આ ભવ્ય સમારોહ નિર્વિઘ્ને પૂર્ણ થશે કે કેમ તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# ચૂંટણી પહેલા શાસકોનો મોટો દાવ, મિલ્કતવેરામાં રાહતની સ્કીમ

**વોટબેંક** કબજે કરવાની લ્હાયમાં મનપાની તિજોરીને 267 કરોડનો ફટકો, જેણે સમયસર વેરા ભર્યા તે મતદારો નથી?

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચુંટણી નજીક આવી રહી છે, ત્યારે વિપક્ષ આપ અને કોંગ્રેસ જે આક્રમકતાથી ઉભા થઇ રહ્યા છે, તે જોઈને ચેતી ગયેલા ભાજપ શાસકોએ ફરી એક વાર બાકી મિલકતવેરામાં વ્યાજ અને પેનલ્ટી માફ કરવાની યોજના અમલમા લાવવા ઠરાવ કરી દીધો છે. જો કે વોટબેંકના રાજકારણમાં લેવાયેલા આ નિર્ણયથી સુરત મનપાની તિજોરીને 267 કરોડ જેટલો ફટકો પડશે

આજે મળેલી સ્થાયી સમિતિની મીટિંગમાં અધ્યક્ષ રાજન બી. પટેલ દ્વારા સુઓમોટો દરખાસ્ત મુકી ઠરાવ કરાયો હતો, જેમાં મિલકત વેરાના વ્યાજ અને પેનલ્ટીમાં રાહત આપતી એક મહત્વની પ્રોત્સાહક યોજના રજૂ કરવામાં આવી છે. જે અંતર્ગત જે રહેણાંક મિલકતદારોનો વેરો ભરવાનો બાકી હોય, તે જો 31-03-2026 સુધીમાં ભરી દે, તો તેમને મિલકતવેરા પરના વ્યાજ, વોરંટ અને પેનલ્ટીમાંથી 100 ટકા માફી આપવામાં આવશે. જ્યારે બિન-રહેણાંક (કોમર્શિયલ) મિલકતો માટે આ રાહત 50% નક્કી કરવામાં આવી છે.

એક અંદાજ મુજબ શહેરમાં એવી કુલ 3,99,910 મિલકત છે જેની વેરામાં વ્યાજ અને પેનલ્ટી સહિતની રકમ બાકી છે. જે પૈકી 89,552 કોમર્શીયલ અને 3,10,358 રેહણાંક મિલકતો છે, તેનું કુલ વ્યાજ અને પેનલ્ટી 266.99 કરોડ મનપાને વસૂલવાના થાય છે. આ યોજનાનો લાભ લેનારા મિલકતદારોને તેમાં મોટી

...અનુસંધાન પાના 9 પર

# 7 લાખની મારુતિ ઈકો કારનો 0001 નંબર લેવા 3.30 લાખ ખર્ચી નાંખ્યા

સુરતઃ પસંદગીના નંબરોની હરાજીમાં ફોર વ્હીલર કારની જુદી જુદી સિરીઝના નંબરોની હરાજી થકી સુરત આરટીઓને વર્ષ-2025માં કુલ 16.47 કરોડની આવક થઈ છે. જો કે, હીરા, બાંધકામ અને કાપડ ઉદ્યોગમાં અગાઉનાં વર્ષોમાં તેજી રહેતી એની તુલનામાં આ આંકડો ઓછો છે. એક સમયે આ આંકડો 27 કરોડ સુધી પહોંચ્યો હતો.

સુરતમાં જગુઆર, ડિફેન્ડર, રેન્જરોવર જેવી લક્ઝુરિયસ કાર પાછળ 3.75 લાખથી 5.94 લાખ રૂપિયા સિલેક્ટેડ નંબર પાછળ ખર્ચ થાય એ સમજી શકાય એવી બાબત છે, પણ સુરતના મધ્યમવર્ગીય પરિવારના શોખીન વ્યક્તિએ પોતાનો શોખ પૂરો કરવા મારુતિ ઈકો કારની ખરીદ કિંમત સામે અંદાજે 50%ની નજીક જેટલો ખર્ચ પસંદગીના ગોલ્ડન નંબરની ખરીદી પાછળ કરી દીધો હતો. સુરતના એક વ્યક્તિએ 7 લાખની કિંમતમાં મળતી મારુતિ ઈકો

...અનુસંધાન પાના 9 પર

ગુજરાત સરકારે VGF સ્કીમની મુદતમાં વધારો નહીં કરતાં

# ઉદ્યોગપતિઓની હવાઈ સેવા વેન્ચુરાની હવા નીકળી ગઈ

**વેંચુરા** એરકનેક્ટની જાન્યુઆરી મહિનાની ઓનલાઇન ટિકિટ બુક થઈ રહી નથી

7 જાન્યુઆરી સુધી વિમાન સેવા સ્થગિત કર્યાની કંપનીની સ્પષ્ટતા



સુરતઃ ગુજરાત સરકારના સિવિલ એવિએશન વિભાગના પ્રોત્સાહનથી વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) સ્કીમ હેઠળ ચાલતી વેન્ચુરા એરકનેક્ટની સુરતથી અમદાવાદ,સુરતથી ભાવનગર અને સુરતથી અમરેલી જતી 9 સિટર ફલાઈટના વિમાન પાર્કિંગ સ્ટેન્ડમાં નોન ઓપરેશન એરક્રાફ્ટ તરીકે પાર્ક કરી દેવામાં આવ્યા છે.

ગુજરાત સરકારે VGF સ્કિમની મુદત 31 ડિસેમ્બર 2025 ના રોજ પૂરી થયા પછી આ સ્કીમ રિન્યુ ના થતા સુરતની પોતીકી એટલે કે, હીરા ઉદ્યોગકારોની માલિકોની વેન્ચુરા એરકનેક્ટ એરલાઈન્સના વિમાનોના

...અનુસંધાન પાના 9 પર

### પ્રતિ કલાકના ધોરણે સબસીડી લેતા હતા પરંતુ ફ્લાઇટ નિયમિત ન હતી

સરકાર જે પ્રતિ-ફ્લાઇટ અથવા પ્રતિ-ફ્લાઇટ કલાકના ધોરણે સબસીડીની મોટી રકમ ચૂકવે છે. કેટલાક પેસેન્જરોએ એવી ફરિયાદ કરી હતી કે, વેન્ચુરાનો સોમવાર અને શુક્રવાર સહિતના કેટલાક દિવસમાં મહત્તમ ઉપયોગ રાજકારણીઓ અને પ્રમોટરની નજીકના હીરા ઉદ્યોગકારો કરે છે. ક્યારેક પેસેન્જરની કન્ફર્મ ટિકિટ અચાનક રદ કરી દેવા આવે છે. વળી અધિકારીઓ ઇચ્છતા હતા કે, 9 સીટર વિમાનની સંખ્યા પૂરતી છે. માટે નવી એરલાઇન્સ આ યોજનામાં 19 થી 25 અથવા 50 સિટર વિમાનની સેવા શરૂ કરે. આ સ્કીમમાં એરલાઇન્સ ટેન્ડર દ્વારા લઘુત્તમ સબસિડી માટે બોલી લગાવે છે.સુરત-અમદાવાદ, સુરત-રાજકોટ, સુરત-અમરેલી, અમદાવાદ-કેશોદ રૂટનો સમાવેશ થાય છે.9-સીટર (સેસ્ના કારવાં/સમાન) ફ્લાઇટનો સમયગાળો1 કલાક પ્રતિ સેક્ટર પ્રતિ ફ્લાઇટ સંચાલન ખર્ચ રૂ.60,000 - રૂ.70,000 અને પ્રતિ ફ્લાઇટ રાજ્ય VGF રૂ. 40,000 - રૂ.45,000 અને પ્રતિ સીટ સબસિડી પ્રતિ મુસાફર 4,500 - 5,000 રૂપિયા નક્કી થયું હતું.

તીવ્ર ઠંડીનો રાઉન્ડ શરૂ થવાની આગાહી

# ઉત્તરના પવનો શરૂ થતાં સુરતમાં 17.4 ડિગ્રી

**ઉત્તર** ભારતના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વર્તાવા લાગી, ઠંડા પવનોની ગતિ વધીને 10 કિ.મી., શીતલહેરનો પ્રારંભ ઠંડી વધારશે

સુરતઃ ઉત્તર ભારત ઉપર સક્રિય બનેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર દક્ષિણ ગુજરાત સુધી જોવા મળી રહી છે. તેની અસરરૂપે સુરત શહેરમાં આજે ઉત્તર દિશામાંથી 10 કિમી પ્રતિ કલાકની ઝડપે ઠંડો પવન ફૂંકાયો હતો. હવામાન નિષ્ણાતોના મતે, ઉત્તરના પવનો સક્રિય થવાથી આગામી ચોવીસ કલાકમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની સાથે ઠંડીમાં વધારો થવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજના દિવસે શહેરમાં ઉત્તર દિશાનો પવન સક્રિય બનતા વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થવા લાગ્યો છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડી વધુ અનુભવાશે. નિષ્ણાતોના અનુમાન મુજબ, ઉત્તર ભારતમાંથી આવતી ઠંડી હવા દક્ષિણ ગુજરાતમાં પ્રવેશતા તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર શરૂ થવા પહેલા સુરતમાં દિવસનું તાપમાન 29.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. બાદમાં દિવસનું તાપમાન 1.6 ડિગ્રીના ઘટાડા સાથે 27.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાત્રીનું તાપમાન 1.2 ડિગ્રી ઘટીને 17.4 ડિગ્રી સેલ્સિયસ થયું છે.

જો કે હવામાન વિભાગનું કહેવું છે કે ઉત્તરના પવનની તીવ્રતા વધતા હવે દિવસ અને રાત બંનેના તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો નોંધાશે અને ગરમીનો અહેસાસ ઘટશે. હવામાં ભેજનું પ્રમાણ આજે 48 ટકા સુધી ઘટ્યું છે. ભેજ ઓછો રહેતા ઠંડો પવન વધુ તીવ્ર લાગે છે. આ કારણે ખુલ્લી હવામાં સવારે અને રાત્રે ઠંડીનો અહેસાસ વધશે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આગામી એકાદ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં 1થી 2 ડિગ્રી સુધીનો ઘટાડો શક્ય છે. પરિણામે શહેરમાં ફરીથી સ્વેટર અને જેકેટ ઉપયોગમાં લેવા જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને ઠંડીથી સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે.


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નવમી માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



આપનું સ્મરણ અમારો પ્રાણ છે,
આપનો સ્નેહ અમારી મૂડી છે,
આપના શુભાશિષ અમારી શકિત છે.
પરમકૃપાળું પરમાત્માને અમારી પ્રાર્થના છે કે,
આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.
બાબુભાઈ ડાહ્યાભાઈ પટેલ
હરીશભાઈ બાબુભાઈ પટેલ
મનીષાબેન હરીશભાઈ પટેલ
ભરતભાઈ બાબુભાઈ પટેલ
નીતાબેન ભરતભાઈ પટેલ
પ્રકાશભાઈ બાબુભાઈ પટેલ
દિવ્યાબેન પ્રકાશભાઈ પટેલ
દીપ, તિલક, મંથન, સ્વ. પાવન
સ્થળ : આભવા ગામ
સ્વ. ધનુબેન બાબુભાઇ પટેલ
સ્વ. તા. ૦૩/૦૪/૨૦૨૫

શ્રદ્ધાંજલિ



સુખને કદી છલકાવ્યુ નહી, જીવનભર મહેનત કરીને, શુન્યમાંથી સર્જન કર્યું, ધુપસળી ની માફક જીવન જીવી સુંગધ ફેલાવી જીવનપંથના કાંટા સહન કરી કુટુંબ માટે ફૂલો પાથર્યા આપની યાદ અને આપના આદર્શોને સ્મરણ કરીને પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.
લિ.
લેરી શીન્ડલડેકર | કેથી શીન્ડલડેકર
જયેશ જશવંતલાલ વખારીઆ | નિવેદીતા જયેશ વખારીઆ
જોન શીન્ડલડેકર | માનસી નવાબ શીન્ડલડેકર
રામ મુકેશચંદ્ર રોટલીવાલા | મીતાશા રામ રોટલીવાલા
દર્શન નીતીનભાઈ નવાબ | નમ્રતા દર્શન નવાબ
સ્વ. દિનેશચંદ્ર નંદસુખલાલ નવાબ
સ્વ. તા. ૨૯.૧૨.૨૦૨૫

દુઃખદ અવસાન/બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી ઝીણીબેન રામજીભાઈ પટેલનું તા.૦૨/૦૧/૨૦૨૬ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, ઈશ્વર ઈચ્છા બળવાન છે.
સદ્‌ગતનું બેસણું તા.૦૪/૦૧/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે રાખેલ છે.
''લૌકિક રિવાજ બંધ છે.''
બેસણાનું સ્થળ : રામજી ફાર્મ, ઉગટ – ભેંસાણ રોડ, સુરત.
લિ.
મહેન્દ્રભાઈ રામજીભાઈ પટેલ
અમૃતભાઈ રામજીભાઈ પટેલ
રાજેશભાઈ રામજીભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્વ.ઝીણીબેન રામજીભાઈ પટેલ
સ્વ.તા. ૦૨/૦૧/૨૦૨૬


દ્વિતીય માસીક પુણ્યતિથિ



તમારા મધુર સ્મરણો અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહ તમે નથી એ સચ્ચાઇ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
શ્રી વામનભાઈ નારણભાઈ પટેલ | શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ | શ્રી ધ્રુવિલકુમાર શાંન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, રિયા, ઉર્જા)
નિ:સ્થાન: 3, પટેલ ફળિયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત
સ્વ. શાંતિલાલ ઉર્ફે શાન્તુભાઇ નારણભાઇ પટેલ (માજી સરપંચ)
સ્વ. તા. 02.11.2025

: શોક સંદેશ :

ધી સુરત આર્ટ સિલ્ક ક્લોથ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના ડીરેક્ટર
ધી સુરત આર્ટ સિલ્ક ક્લોથ પ્રોડ્યુસર્સ કો-ઓ સોસાયટી લી. ના
માનનીય ઉપ પ્રમુખશ્રી, સ્વ. શ્રી. આરીફ હાજી સત્તાર કુંદા



તેઓના તા. ૩૦.૧૨.૨૦૨૫ ના રોજ થયેલ દુ:ખદ ઇન્તકાલ અંગે અત્યંત શોક અનુભવી રહ્યા છે. સંસ્થાપ્રતિ તેમની નિષ્ઠા, માર્ગદર્શન અને અમૂલ્ય યોગદાન હંમેશા યાદગાર રહેશે. તેઓ સદાય સહકાર, સમરસતા અને સમાજહિતના મુલ્યો માટે પ્રતિબદ્ધ રહ્યા છે, તેમનુ નિધન તેમના પરિવાર, સાસ્કમા તેમજ મુસ્લિમ સમાજ માટે ન પુરાય તેવી ખોટ રહેશે.
અલ્લાહ તઆલા તેમને મગફિરત અર્પે, તેમની રૂહને શાંતિ બક્ષે અને તેમને જન્નતુલ ફિરદૌસમાં ઉચ્ચ સ્થાન આપે, શોકગ્રસ્ત પરિવારજનોને આ ખોટ સહન કરવાની હિંમત અને સાબત અતા કરે.
શ્રી. ભરત ટી ગાંધી ચેરમેનશ્રી
સ્વ. અરુણચંદ્ર જરીવાલા માજી ચેરમેનશ્રી
શ્રી જયવદનભાઈ એન. બોડાવાલા માજી ચેરમેનશ્રી
શ્રી વસંતલાલ આઇ. બચકાનીવાલા (વાઈસ ચેરમેન)
શ્રી નંદકિશોર ડી. ચોરાવાલા (વાઈસ ચેરમેન)
શ્રી પ્રફુલચંદ્ર બી. શાહ
શ્રી મુકેશચંદ્ર એન. ગજ્જર
શ્રી કિરીટભાઈ જી. મારફતીયા
શ્રી નરેન્દ્ર બી. જરીવાલા
શ્રી બકુલચંદ્ર આઇ. મોદી
શ્રી મુકુંદ એસ. જરીવાલા
શ્રી અજય એસ. વખારીયા
શ્રી દિનેશભાઈ એસ. ઝવેરી
શ્રી કેતન એ. જરીવાલા
શ્રી રાજીવભાઈ જી. મારફતીયા
શ્રી હિમાંશુ એચ. બોડાવાવા
શ્રી રફીક ઈબાહીમ મેમણ
કર્મચારીઓ
ધી સુરત આર્ટ સિલ્ક ક્લોથ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન
૫મો માળ, રેશમભવન, લાલ દરવાજા, સુરત- ૩૯૫ ૦૦૩.
ટેલી. નં: ૯૧-૦૨૬૧-૨૪૨૬૩૬૯/૨૪૨૧૭૫૯